ગાંધીનગર સમાચાર

**શહેરમાં સ્ટ્રીટ લાઇટની જાળવણી માટે ટૂંકમાં જ નવી એજન્સીને કામ સોંપાશે**

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાલુ, કાંઈ બદલાયું નહીં... રોજ લખતી વખતે... ૨૦૧૬ યાદ રાખવાનું ટેન્શન વધ્યું...!!

# સે. ૨ ૩ ચીપટાઈપ શોંપીગ ખાતે અસામાજીક તત્વોનો આતંક

ગાંધીનગર,તા. ૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ ખાતે ગુરુકુળ સ્કુલની પાસે આવેલા ચીપટાઈપ શોંપીગમાં અસમાજીક તત્વો દિવસ-રાત અડીંગો જમાવીને બેઠા હોય છે. આ તતવો દારુપીને છાકટા બનીને વેપારીને પણ ધમકીઓ આપે છે. રાત્રી સમય દરમિયાન દુકાનોમાં તોડફોડ કરીને આતંક મચાવે છે. તાજેતરમાં તત્વોએ એક દુકાનનો બહાર ગોઠવેલો સી.સી.ટી.વી કેમેરો તોડવાનો પ્રયાસ કર્યોહતો. વેપારીઓ પોલીસ તંત્રને અગાઉ પણ આ અંગે લેખીત રજુઆતો કરી ચુકયા છે. આ શોંપીગ સેન્ટરમાં ચીજવસ્તુ ખરીદવા માટે આવવા બેન દિકરીઓને પણ વિચાર કરવો પડે છે. આ તત્વોને પોલીસ તંત્ર દ્વારા યોગ્ય પાઠ ભણાવાય તેવું વસાહતીઓ અને વેપારીઓ ઈચ્છી રહ્યા છે.

રાજયના પાટનગર ગાંધીનગરમાંથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ના આદેશો જયાંથી છોડવામાં આવે છે. તે ગાંધીનગરમાં જ અસામાજીક તત્વોને પોલીસનો ડર રહ્યો નથી તેવું લાગી રહ્યું છે. રાજયમાં દારુબંધી હોવા છતા લુખ્ખા તત્વો દારુ પીને છાકટા બને છે. શહેરના સેકટર-૨૩ ચીપટાઈપ શોંપીગ પાસે અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયો છે. આ તત્વો દિવસ રાત અહીં અડીંગો જમાવીને પોતાની ઓફીસ ખોલી હોય તેમ આવીને બેસી જાય છે. શહેરની સૌથી મોટી શૈક્ષણીક સંસ્થાઓ આ સેકટરમાં આવેલી હોવાથી આ તત્વો વિદ્યાર્થીઓની છેડતી કરતા પણ અચકાતા નથી. સેકટરને જાણે અહીં બેસી રહેતા લોકોએ બાનમાં લીધું હોય તેવું લાગી રહ્યું છે. સેકટરમાં રહેતા સ્થાનિક રહિશો પણ આ લોકોથી કંટાળી ગયા છે. પણ જો કોઈ અવાજ ઉંચો કરે તો અસામાજીક તત્વો ધમકીઓ આપી વસાહતીઓને ડરાવી દે છે. શોપીંગ સેન્ટરનું વેપારીઆલમ પણ તૌબા પોંકારી ઉઠયું છે. અસામાજીક તત્વો રાત્રી સમય દરમિયાન દારુની મહેફીલો પણ માણે છે તેવું સ્થાનિકોનું કહેવું છે. શહેરના સેકટર-૨૩ના વેપારીઓ ભયના માહોલ વચ્ચે વેપાર કરી રહ્યા છે. અસામાજીક તત્વોનો ત્રાસ દુર કરવામાં આવે તે માટે અગાઉ પણ લેખીત રજુઆતો પોલીસ તંત્રમાં કરવામાં આવી છે. અસામાજીક તત્વોને પોલીસ યોગ્ય પાઠ ભણાવે તેવું વેપારીઓ અને રહિશો ઈચ્છી રહ્યા છે.

# સિવિલ કેમ્પસમાં વાહનચોરીને પગલે પોલીસ ધુવાંપુવાં

## સિવિલ કેમ્પસમાં નિર્દોષ લોકોના વાહનોને લોક લગાવી નિયમ બતાવનાર પોલીસના નાક નીચે જ આંતરે દિવસે ચોરી થાય છે

ગાંધીનગર તા,૧

ગાંધીનગર સિવિલ કેમ્પસમાંથી વાહનોની ઉઠાંતરીના કિસ્સા વધી જવા પામ્યા છે. સિવિલમાં આંતરે દિવસે લોકોના વાહનો ચોરાય છે. આ વાહન ચારી અટકાવવામાં સે.૭ પોલીસ સદંતર નિષ્ફળ નિવડી છે. ત્યારે સે.૭ પોલીસ સિવિલમાં આવતા નિર્દોષ નાગરીકોના વાહનોને નિશાન બનાવી નિયમો બતાવી લોક મારે છે. છતા પણ પોલીસના નાક નીચે



વાહનચોરીના બનાવો બનતા રહે છે. આજે પણ સિવિલના કર્મચારીનું એકટીવા ગણતરીની મિનિટોમાં ચોરાઈ જવા પામ્યું છે. સિવિલમાં રોફ ઝાડતી પોલીસનો હાથ વાહનચોરો સુધી કયારે પહોંચશે .તેવું હોસ્પિટલમાં આવતા મુલાકાતીઓ તેમજ સ્ટાફમાં ચર્ચાઈ રહ્યું છે.

રાજયના પાટનગરમાં જ વાહનચોરો બેફામ બન્યા છે. સેકટર.૭ પોલીસને તસ્કરો ચેલેન્જ આપતા હોય તેવું લાગી રહ્યું છે. શહેરમાં દિન-પ્રતિદિન ચોરીના બનાવો વધી રહ્યા છે. શહેરના હોસ્પિટલ કેમ્પસને વાહનચોરોએ નિશાન બનાવ્યું છે. કેમ્પસમાંથી આંતરે દિવસે વાહનચોરી થાય છે. સે.૭ પોલીસ ચોરોને પકડી શકવામાં નિષ્ફળ નિવડી છે. ત્યારે સિવિલમાં આવતા દર્દી અને સગાઓ તેમજ સ્ટાફના માણસોના વાહનોને લોક લગાવી કામ કર્યાનો આનંદ મેળવે છે. સિવિલમાં સિંઘમ બનીને ફરતી પોલીસ વાહનચોરી અટકાવી શકી નથી. જયારે આજે વધુ એક એકટીવા સિવિલના કર્મચારીનું ચોરાયું હતું. પોલીસના નાક નીચે બેખોફ ચોર વાહનની ઉઠાંતરી કરી પલાયન થઈ જાય છે. વાહનચોરીના પગલે શહેરની બહાર નીકળતા મુખ્ય માર્ગ પર સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવે છે છતા ચોર પોલીસની હાથમાં આવતા નથી. નગરમાંથી વાહનચોરીના કિસ્સા વધવા પામ્યા છે. ચોર તત્વોને ન પકડી શકેલી પોલીસ સિવિલમાં વાહનચાલકોને હેરાન પરેશાન કરી મુકે છે. કેમ્પસમાં ચોરીના વધતા બનાવોને લઈ આજે ખુદ એએસપી આવ્યા હતા. અને સિવિલ સ્ટાફ, સિકયુરીટીને જરુરી સુચનો કર્યા હતા. વાહનચોરી અટકાવવા કડક હાથે કામ લીધુ હતું. હવે આગામી સમયમાં જોવું રહ્યું કે સિવિલમાંથી વાહનની ઉઠાંતરી કરવામાં ચોર સફળ થાય છે કે પોલીસ તેમને પકડવામાં...?

**સિવિલ કેમ્પસમાં નડતરરુપ કાર,બાઈક, સહિતના વાહનો પાર્ક કર્યા હોય તેઓની પાસેથી ટ્રાફીક પોલીસે ૨૫૦૦નો દંડ વસુલ્યો હતો. બે દિવસ અગાઉ પણ પોલીસે વાહનમાલિકો પાસેથી દંડ વસુલ્યો હતો. પરંતુ કેમ્પસમાંથી ચોરીના બનાવો પોલીસ અટકાવી શકતી નથી તેવું કેમ્પસમાં ચર્ચાઈ રહ્યું છે**



(તસવીર : કશ્યપ નિમાવત)

# કોંગ્રેસની પાંચમીની રેલી માટે જિલ્લા એકમે તૈયારીઓ આરંભી

ગાંધીનગર, તા.૧

ભાજપના કુંશાસનમાં સમગ્ર રાજયમાં પાટીદારો, દલીતો અને પછાતો સહીત સો પ્રજાજનો ઉપર અત્યાચારોના વિરુધ્ધમાં ગુજરાત પ્રદેશકોગ્રસ સમિતિ ધ્વારા આગમાં તા.૫.૧.૨૦૧૬ ના રોજ ગાંધી આશ્રમ અમદાવાદ ખાતે દેખાવો યોજી કલેકટર કચેરી સુધી રેલી સ્વરુપે જઈને આવેદન પ્રત્ર આપવનો કાર્યકમ યોજવામાં આવેલ છે. જેના ભાગરુપેઆજ રોજ ગાંધીનગર જિલ્લા કોગ્રેસ સમિતિ ના પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભીની અધ્યક્ષતામાં અને જિ.પં. પ્રમુખ શ્રી રામાજી ઠાકોર. પ્રદેશ નિરીક્ષકશ્રી લાલજીભાઈ દેસાઈ, શ્રી બળદેવભાઈ લુણી, મહામંત્રી શ્રી નિશીત વ્યાસ. પ્રવકતા શ્રી ડો. હિમાશુ પટેલ, ડો.સી જે ચાવડા, શ્રી જશુભા રાણા ,ધારાસભ્યોશ્રી બળદેવજી ઠાકોર અને અમીતભાઈ ચૌધરી ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ પટેલની ઉપસ્થીતીમાં મળી હતી જેમાં ગાંધીનગર જિલ્લા ના ચારેય તાલુકાની તાલુકા-જિલ્લા પંચાયતની બેઠકવાર અને નગરપાલીકાના દરેક વોડમાંથી ચોકકસ લક્ષ્યાંક સાથે મોટીસંખ્યામાં કાર્યકરો સાબરમતી આશ્રમ ખાતે બપોરે ૨.૦૦ કલાકે જોડાશે.તેવુ નકકીકરવામાં આવ્યુ હતુ.

ઉપરોકત બેઠકમાં પ્રદેશ/જિલ્લા ના વરીષ્ઠ મહાનુભાઓ ઉપરાન્ત તાલુકા પંચાયત/તાલુકા કોગ્રસના પ્રમુખશ્રીઓ. સદશ્યશ્રીઓ નગરપાલીકાના સદશ્યશ્રીઓ. યુવક કોંગ્રેસ-મહીલા કોંગ્રેસ-એનએસયુઆઈ- સેવાદળ-વિવિધ સેલ - ડિપાટમેન્ટનાં પદાધીકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થીત રહી કાર્યકમને સફળ બનાવવા ખાતરી આપી હતી તવું ગાંધીનગર જિલ્લા કોગ્રેસે જણાવવામાં આવ્યુ છે.

## રાષ્ટ્રીય સર્વ મેઘવંશ મહાસભા દ્વારા પ્રતિભા સમારોહ યોજાયો

રાષ્ટ્રીય સર્વ મેઘવંશ મહાસભા દ્વારા મેઘઋષિના જન્મદિવસ નિમિત્તે ગત ૧૬ ડીસેમ્બરના રોજ પ્રતિભા સમારોહનું અયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ધોરણ-૧ થી ૧૨ના મેઘવાલ સમાજના તારલાઓને સન્માનવામાં આવ્યા હતા. જેમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને ઈનામ તરીકે રબ્બર, પેન, પેન્સિલ અને ચોકલેટ વિતરણ કરવામાં આવ્યું હતું. સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે સંતશ્રી સેવાદાસ, જશુભાઈ પરમાર અને માધાજી મેઘવાલે હાજરી આપી હતી. આ ઉપરાંત મેઘવંશ મહાસભાના કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## પહેલીવાર ગાંધીનગરથી નારેશ્વર ૩જી ફેબ્રુઆરીએ પગપાળા સંઘ જશે

રંગપુરથી નારેશ્વર પદયાત્રાનું વર્ષો વર્ષ આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે ૨૫ વર્ષ પુરા થતાં હોવાથી સેક્ટર-૨૮ ખાતે દત્ત મંદિરથી સૌ પ્રથમવાર નારેશ્વર પદયાત્રા પાલખી રથ - ધજા સાથે તા. ૩જી ફેબ્રુઆરીના રોજ નીકળશે. જે વસંત પંચમીના દિવસે નારેશ્વર પાટોત્સવ નિમિત્તે પહોંચશે. ગાંધીનગરથી કોબા, નરોડા, મણીનગર, દક્ષિણી સોસાયટી, ઈસનપુર, ચોરાર, રંગપુરા, મહિજ, નડિયાદ, આણંદ, વડોદરા, થઈ નારેશ્વર જશે. તા. ૧૯મી જાન્યુારી સુધીમાં પદયાત્રીઓને નામ નોંધાવવાના રહેશે.

## દર્દીઓ માટે ગરમ વસ્ત્રોનું વિતરણ

ગાંધીનગર, તા.૧

શહેર વસાહત મહામંડળ તથા અરુણોદય સેવાટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ગાંધીનગરની સીવીલ હોસ્પિટલ અને મેડીકલ કૉલેજની મુલાકાત લઈ ગરમ કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સારવાર હેઠળ મહિલાઓ તથા બાળકોના વોર્ડમાં જઈ આશરે ૩૦૦ જેટલા દર્દીઓ તેમજ પરિવારજનોને મોજા, ટોપી, કાનપટ્ટા સહિત અનેક વસ્તુઓની વહેંચણી કરવામાં આવી હતી. આ સેવાયજ્ઞમાં નીલાબેન, ગીતેશ પટેલ, અરૂણ બુચ, બી.કે. શુકલ, નિલેન્દુ વોરા, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, મયુરભાઈ વ્યાસ, શશીકાન્ત મોઢા, મીરા મેઘશા જાની જોડાયા હતા.

## શહેરની યુવતીને પ્રેમજાળમાં ફસાવી રૂપિયા ખંખેરતો યુવાન ઝડપાયો



શહેરની યુવતીને પ્રેમજાળમાં ફશાવીને તેની પાસેથી દાગીના તથા રોકડ જે શક્ય બને તે પડાવી લેતો એક પરપ્રાંતિય યુવાન શખ્સ પોલીસ સંકજામાં આવી ગયો છે. સે-૨૭ની યુવતી પાસેથી તેણે સોનાના દાગીના તથા રોકડા મળીને તબક્કાવાર ૩.૦૫ લાખ પડાવ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. સે-૨૧ પોલીસે યુવતીની ફરિયાદ લઈ પેથાપુરનો રહેવાસી મુળ ઉત્તરપ્રદેશનો પવન ઉર્ફે પ્રીન્સ રમેશ શર્માની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સે-૨૮ના બગીચા પાસેથી સે-૨૧ પોલીસની ટીમે આરોપીની ધરપકડ કરી લીધી છે.

## કલોલમાં રવિકૃષિ મહોત્સવમાં ધારાસભ્ય અને પંચાયત પ્રમુખે કાળા વાવટા બતાવ્યા

ગાંધીનગર, તા.૧

કલોલ ખાતે આજે રવિકૃષિ મહોત્સવ દરમિયાન સ્ટેજ પરથી જ ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકરો, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રામાજી ઠાકોર, કલોક તાલુકા પંચાયતના પ્રમુખ કાન્તિજી ઠાકોર સહિત ૪૦ જેટલા કાર્યકર્તાઓએ કાળા વાવટા કરી વિરોધ પ્રદર્શન કરતાં પોલીસે તેમની અટકાયત કરી હતી.

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ રવિકૃષિ મહોત્સવની ઉજવણીમાં વિરોધનો અંતરાય જોવા મળ્યો હતો.

આજે વૈજ્ઞાનિકો પ્રવચન બાદ અતિથિઓ આવી પહોંચે તે પહેલાં સંયુક્ત ખેતી નિયામક શ્રી રબારી તેમજ પ્રવચન માટે ઉભા થયા ત્યારે કલોલના ધારાસભ્ય અને પંચાયતોના પ્રમુકોએ ઉભા થઈ કાળા વાવટા બતાવ્યા હતા. તેમની સાથે આવેલા ૪૦ જેટલા કાર્યકર્તાઓ પણ સૂત્રોચ્ચાર કરી અને કાળા વાવટા દર્શાવતા પોલીસે આ બધાની અટકાયત કરી હતી.

## શહેરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણી માટે ટૂંકમાં જ નવી એજન્સીને કામ સોંપાશે

ગાંધીનગર તા ૨

શહેરમાં છેલ્લા ધણાં સમયથી સ્ટ્રીટ લાઈટની સેવા ખાડે ગઈ છે. ત્યારે સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ સંભાળતી ટોરેન્ટ પાવર કંપનીએ આ આ જવાબદારીમાંથી મુકત થવા માટે અગાઉ સરકારમાં દરખાસ્ત કરી હતી. જેના પરિણામે સ્ટ્રીટ લાઈટની જવાબદારી અન્ય એજન્સીને સોંપવા માટે તંત્ર દ્વારા પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આ માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં સ્ટ્રીટ લાઈટનુ કામ નવી એજન્સીને સોંપવામાં આવશે.

ગાંધીનગર શેહરના સેકટરોમાં અજવાળુ પાથરવા માટે શહેરના મુખ્ય રસ્તાઓ તેમજ શેરીઓ સહીત અંદાજિત ૧૮ હજાર જેટલા થાંભલાઓ પ્રકાશ પાથરે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની સેવા ખાડે ગઈ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સ્ટ્રીટ લાઈટના કંગાળ ભાસતા થાંભલાઓ ઘણાં ઠેકાણે કટાયેલી હાલતમાં છે. જયારે શહેરમાં ૨૦ ટકા જેટલા પોલ્સ કાયમી ધોરણે બંધ હાલતમાં જ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. બીજીતરફ સ્ટ્રીટ લાઈટની જવાબદારીનુ મહત્વપુર્ણ કામ સંભાળતી ટોરેન્ટ પાવર દ્વારા ગત વર્ષ દરમિયાન જ આ જવાબદારીમાંથી મુકત થવા માટે તંત્રને દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે ટોરેન્ટની આ હરકતના લીધે ઈલેકટ્રીક વિભાગ દ્વારા પણ શહેરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ અન્ય એજન્સીને સોંપવા માટે પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે. એકબાજુ શહેરને સ્માર્ટ સીટી બનાવવાની યોજના અન્વયે એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બનાવવા પણ આયોજન કરવામાં આવી રહયુ છે. ત્યારે સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ અન્ય એજન્સીને સોંપવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. ટુંકમાં જ એજન્સી નક્કી કરી દેવામાં આવશે.

## ગાંધીનગર રેલ્વે સ્ટેશન રાત્રે મુસાફરો માટે અભિશાપરુપ

ગાંધીનગર, તા.૧

તાજેતરમાં ગાંધીનગર વિકાસ પરિષદનો તથા સિનિયર સિટીઝનોએ ગાંધીનગરના રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી. મહાત્મા મંદિર પાછળ રેલ્વે સ્ટેશન અવાવરું સુનકાર અને બિસ્માર્ક માર્ગ પર આવેલું છે. ૧ કિ.મી. જેટલો તૂટેલો રસ્તો પગદંડી તેમજ વાંકાંચુંકા સર્પાકાર રસ્તાઓ ભયજનક બનેલ છે. સ્ટ્રીટ લાઈટ નહી હોવાથી અનેક વળાંકો પર અસલામતી લાગે છે. રેલ્વે સ્ટેશન ઉપર જયા એકતરફી પ્રવેશ છે. મહાત્મા મંદિર અને સેન્ટ્રલ વિસ્ટા વિકસાવતાં બે બાજુથી સે-૧૩ અને સેકટર-૧૪/૧૫ આવનજાવન કરી શકતી હતી. પરંતુ મહાત્મા મંદિરના કારણે રેલવે સ્ટેશન રસ્તો દબાઈ ગયો છે. સીધો મુખ્ય માર્ગ નથી. સે-૧૪ની બાજુથી પ્રવેશ બંધ કરાયેલ છે. સ્ટ્રીટલાઈટ નથી અને કયાંક અપવારરુપ છે ત્યાં બંધ હાલતમાં છે.

દિવસ કે રાત્રે રેલ્વે સ્ટેશન જવા માટે પુરતી સુરક્ષા નથી તો સલામતની પાક્કી વ્યવસ્થા કરવી અનિવાર્ય છે. ઝૂંપડપટ્ટી તથા લારી-ગલ્લાઓ પર અનેકવિધ પ્રતિબંધિત પ્રવૃત્તિઓ બેરોકટોક ચાલી રહી છે. રીક્ષાઓનો ભયંકર ત્રાસ છે. મનફાવે તેવા ભાડાં પડાવે છે. માર્ગમાં અન્ય મુસાફરોને ઠાંસીને ભરીને મુસાફરોને ત્રાસ આપે છે. મોડી રાત્રે આવતી ટ્રેનમાંથી ઉતરતાં મુસાફરો માટે અભિશાપ બને છે. જે અંગેની ઉગ્ર રજુઆત ગાંધીનગર વિકાસ પરિષદના કાર્યકારી પ્રમુખ જયંતજી ભટ્ટે સરકારના અગ્રસચિવ, પોલીસ વડા તથા અન્ય સંબંધિત જગ્યાએ રજુઆતો કરેલ છે.



થર્ટી ફર્સ્ટની ઉજવણી : શહેરમાં ૩૧ ડિસેમ્બરની ઉજવણી પણ હવે ભારે ઉલ્લાસપૂર્વક યોજાય છે. શહેરની વિવિધ સંસ્થાઓ અને વિવિધ સ્થળોએ નાચ-ગાન સાથેનો ભવ્ય કાર્યક્રમો યોજાયા હતા. ડી. જે. તાલે ઘુમતા યુવાનોએ ભારે ઉત્સાહપૂર્વક નવા વર્ષને વધાવવા ચીરઅપ કરતા હતા. શહેરની આસપાસની ક્લબો - હોટલો અને પાર્ટી પ્લોટોમાં ભારે ભીડ જોવા મળતી હતી.

(તસવીર : દિપક જાની)